## ગાંધીનગર મને ગમે છે...



**શૈલેશ એ. નાયક**
**(મેનેજર, યુજીવીસીએલ)**

નવેમ્બર ૨૦૦૬થી દિકરીના અભ્યાસક્રમને લીધે હિંમતનગર ખાતેથી ગાંધીનગર સ્થાયી થવાની ફરજ પડેલ. માત્ર અભ્યાસ માટે સ્થાયી થયા બાદ પૂર્ણ થયા બાદ જવાની ગણતરી રાખેલ. મારી નોકરી ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ, મહેસાણા ખાતે હોવાને લીધે રોજ અપડાઉન કરવુ પડતું. અપડાઉનના મિત્રોને અભ્યાસક્રમ પૂર્ણ થયા બાદ હિંમતનગર પરત જવાની વાતની જાણ હતી પણ પરમ મિત્ર કમલેશભાઈ રાવલ હંમેશા મજાકમાં કહેતા કે 'ભલે ગાંધીનગરમાં આવી ગયા પરંતુ હવે પાછા હિંમતનગર જવાનું નથી' આજે હું ગાંધીનગર મહાનગરપાલિકાના વાવોલ ખાતેના પોતાનો ફ્લેટ ખરીદીને રહુ છુ. દીકરી નિયેતા દાંતની ડૉક્ટર બની ગઈ, અભ્યાસક્રમ પૂર્ણ થઈ ગયો પણ ગાંધીનગર હજી છુટ્યુ નથી કારણ કે 'ગાંધીનગર મને ગમે છે'

ગાંધીનગરની શરૂઆત પ્રથમ ગાંધીનગર થર્મલ પાવર સ્ટેશન ખાતે આવેલ સુંદર મઝાની કોલોનીથી થયેલ ત્યારબાદ દીકરીની સ્કૂલ માઉન્ટ કાર્મેલ, સેંટ ઝેવયર્સ અને કર્ણાવતી ડેન્ટલ કોલેજના અભ્યાસક્રમને લીધે સેક્ટર-૨૭, ૪, ૫, ૬, ૭ અને આખરે પોતાના ફ્લેટમાં કાયમી વસવાટ કર્યો અને ભારતના હરિયાણા શહેર એવા ગાંધીનગરને મન ભરીને માણ્યું.

ચેસના ઈન્ટરનેશનલ રેટીગં ખેલાડી તરીકે શરૂઆતમાં ગાંધીનગરમાં ચેસ સ્પર્ધાઓમાં ભાગ લીધો. પણ જિલ્લા ચેસ એસોસીએશનના અભાવને લીધે ચેસ ટૂર્નામેન્ટ પદ્ધતીસર તેમજ નિયમિત થતી ન હતી. એમ.બી. અટોદરિયા સાહેબના ખાસ આગ્રહને લીધે ગાંધીનગરમાં ચેસની રમતનો વિકાસ થાય તે માટે વર્ષ ૨૦૧૭માં ગાંધીનગર જિલ્લા ચેસ એસોસીએશનની સ્થાપના કરી સેક્રેટરી તરીકે રાજ્યકક્ષાની ટૂર્નામેન્ટના નિયમિત આયોજનો કર્યા અને ખૂબ સગવડોવાળી ટૂર્નામેન્ટના આયોજનો કરી ગાંધીનગમાં વધુ સંખ્યામાં ઈન્ટરનેશનલ ખેલાડીઓનું સર્જન થયુ.

સોકટર-૧૯ના જીમખાનાના સહયોગથી 'ગ્રાન્ડ માસ્ટર' પ્રવિણ થિપ્સનો કોચીંગ કેમ્પનું આયોજન કરી ગાંધીનગરને જશવંતભાઈ ગાંધી અને એસોસીએશનના પ્રમુખ સુભાષભાઈ દવેના માર્ગદર્શન દ્વારા ચેસ ટૂર્નામેન્ટ અને કોચીંગ કેમ્પના આયોજન માટે સુંદર વાતાવરણનું સર્જન કરી ખ્યાતિ અપાવી.

ગાંધીનગર પોતીકુ લાગે છે અને કાયમી વસવાટને લીધે પોતાના વતન જેવુ લાગે છે.

# દર્દીના ફેફસાની ક્ષમતા ચકાસવા ડૉ. પ્રશાંત રાજદીપે ખાસ પ્રકારનું જેકેટ તૈયાર કર્યું

### આ જેકેટને પેટન્ટ પણ મળી છે : આ ટેસ્ટ કરવા માટે દર્દીએ વારંવાર ઊંડા શ્વાસ લઈને છોડવા પડતા હતા : આ જેકેટથી તબીબોના સમય અને શક્તિનો વ્યય અટકશે

ગાંધીનગર, તા. ૧૮

શહેરના સેક્ટર-૨-બી માં રહેતા લાલજીભાઈના પુત્ર ડૉ. પ્રશાંત રાજદીપે તબીબીક્ષેત્રે ખૂબ મોટું સંશોધન કરી સમાજનું અને ગાંધીનગરનું ગૌરવ વધાર્યું છે. બરોડા મેડિકલ કોલેજમાં તબીબ



તરીકે કાર્યરત શહેરના ડૉ. પ્રશાંત રાજદીપે દર્દીના ફેફસાની ક્ષમતા ચકાસતુ ખાસ પ્રકારનું જેકેટ તૈયાર કર્યું છે અને આ તબીબે તૈયાર કરેલા જેકેટને પેટન્ટ પણ મળી છે.

ડૉ. પ્રશાંત રાજદીપને તબીબીક્ષેત્રે સફળતા મળી રહે તે માટે તેમના માતા-પિતાએ ખૂબ મહેનત કરી છે. આર્થિક સગવડો માટે આ તબીબના પરિવારે તબીબી અભ્યાસ દરમિયાન ખૂબ મુશ્કેલીઓમાંથી પસાર થઈને પોતાના પુત્રની કારકિર્દી બનાવી છે. ત્યારે ડૉ. પ્રસાંતે પણ પોતાના પરિવાર અને ગાંધીનગરને ગૌરવ અપાવ્યુ છે.

આપણા શરીરમાં પંચેન્દ્રીયો ઉપરાંત ફક્ત ફેફસાં જ એવા અવયવ છે કે જે વાતાવરણના સીધા જ સંપર્કમાં આવે છે તેનો પરિણામે વાતાવરણની અસર સીધી જ આ અવયવ પર થતી હોય છે. તદ્ઉપરાંત કેટલાક એલર્જીક દ્રવ્યો જેવા કે ધૂળ, ધૂમાડા, પરાગરજ, પક્ષી-પ્રાણીની રૂવાંટી અને સીગારેટના ધૂમાડાથી આપણાં ફેફસાં અને શ્વાસનળીઓ ખરાબ થતી હોય છે. તેનો પરિણામે અસ્થમા, સી.ઓ.પી.ડી. અને ફેફસાંના ફાઈબ્રોસીસ જેવા રોગો જન્મ લેતા હોય છે. જ્યારે કોઈ વ્યક્તિને ચાલતી વખતે કે બેઠા બેઠા શ્વાસની તકલીફ જણાય ત્યારે સામાન્ય રીતે આ તકીલફે હૃદયના કોઈ રોગ કે ફેફસાંની બિમારીનું દિશાસૂચન કરે છે. હૃદયની બિમારીઓનું નિદાન ઈ.સી.જી.ની મદદથી થઈ શકે છે જ્યારે ફેફસાંની બિમારીઓનું નિદાન છાતીના એક્સ રે અને પલ્મોનેરી ફંકશન ટેસ્ટથી કરવામાં આવે છે. ત્યારે ડૉ. પ્રશાંતે દર્દીના ફેફસાની ક્ષમતા ચકાસવા માટે ખાસ પ્રકારનું જેકેટ બનાવ્યું છે જેનાથી દર્દીને ટેસ્ટ માટે શ્વાસ લેવા અને કાઢવા માટે અગાઉ મુશ્કેલી પડતી હતી તે હવે નહિ પડે.

#### જેકેટ કાર્યપદ્ધતિ

આ જેકેટમાં ઊંડા શ્વાસ માટે સ્ટિમ્યુલસ તરીકે ચોક્કસ તાપમાનવાળા ઠંડા પાણીનો ઉપયોગ થાય છે. ત્યારબાદ મહત્તમ શ્વાસની ક્રિયામાં મદદ માટે એ જ જેકેટમાં હવાથી દબાણ ઉત્પન્ન કરાય છે.

પલ્મોનરી ફંકશન ટેસ્ટ ઈન્ડકશન જેકેટ મેડિકલ વિજ્ઞાનમાં ફેફસાને લગતા રોગોમાં દર્દીના ફેફસાની કાર્યક્ષમતા ચકાસવા માટે પલ્મોનરી ફંકશન ટેસ્ટ કરવામાં આવે છે. જેમાં દર્દીને તેની મહત્તમ ક્ષમતાથી શ્વાસ લેવાના હોય છે પરંતુ મોટા ભાગના દર્દીઓમાં આ ટેસ્ટ સારી રીતે કરવા માટે વારંવાર પ્રયત્નો કરવા પડતા હોય છે. આ માટે દર્દીઓને પડતી મુશ્કેલીઓ ઓછી કરવાના વિચાર સાથે મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીની બરોડા મેડિકલ કોલેજના ફિઝિયોલોજી વિભાગના તબીબ ડૉ. પ્રશાંત રાજદીપે આ જેકેટ બનાવ્યુ છે જેને ભારત સરકાર દ્વારા પેટન્ટ ગ્રાન્ટ આપવામાં આવી છે. આ જેકેટ માત્ર દર્દીઓને જ મદદ નહી કરે પરંતુ તબીબોનો પણ સમય અને શક્તિનો વ્યય થતાં અટકાવશે. ડૉ. પ્રશાંતે જણાવ્યું હતું કે, દર્દીઓને ટેસ્ટ લેતી વખતે વારંવાર સૂચનાઓ આપવી પડતી હતી અને તેના કારણે પ્રયત્નો પણ વધી જતા હતા. જો કે હવે આ જેકેટની મદદથી આસાનીથી ટેસ્ટ કરી શકાશે અને દર્દીઓને પણ આસાની થશે.




અંબાપુર ખાતે ચોર્યાસી કડવા પાટીદાર સમાજ દ્વારા સંચાલિત ચોર્યાસી સમાજ સંસ્કાર સંકુલનો દ્વિતિય ઉછામણી તથા સન્માન સમારંભ યોજાયો હતો. આ કાર્યક્રમમાં પૂર્વ નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ, પ્રદેશ મહામંત્રી રજનીભાઈ પટેલ, ધારાસભ્ય શંભુજી ઠાકોર, પૂર્વ સાંસદ જયશ્રીબેન પટેલ તેમજ ગાંધીનગર મહાનગરપાલિકાના પદાધિકારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# રાજ્યમાં કૃષિ અભ્યાસક્રમોમાં ૩૦૦ બેઠકો વધારવા નિર્ણય

ગાંધીનગર, તા. ૧૮

કૃષિ, પશુપાલન અને ગૌસંવર્ધન મંત્રી રાઘવજીભાઈ પટેલની અધ્યક્ષતામાં ગાંધીનગર ખાતે રાજય કૃષિ યુનિવર્સિટી પરિષદની બેઠક યોજાઈ હતી. જેમાં આગામી વર્ષે કૃષિ યુનિવર્સિટીઓ હેઠળ ચાલતા વિવિધ સ્નાતકકક્ષાના અભ્યાસક્રમોમાં હાલની બેઠકોમાં વધારો કરીને અંદાજીત ૩૦૦ જેટલી વધુ બેઠકો ઉપર પ્રવેશ આપવા માટેનો મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે.

કૃષિમંત્રીએ કહ્યું હતુ કે આ નિર્ણયથી રાજયના કૃષિ અને સંલગ્ન અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા ઈચ્છુક વિદ્યાર્થીઓને લાભ થશે. તે ઉપરાંત વિદેશના વધુ વિદ્યાર્થીઓને આ યુનિવર્સિટીઓમાં પ્રવેશ મેળવી શકે તે માટે પણ જરૂરી કાર્યવાહી હાથ ધરવા ભાર મુકવામાં આવ્યો છે. જે થકી અન્ય દેશોની શૈક્ષણિક સંસ્થાઓ સાથે કૃષિ સંલગ્ન પ્રવૃત્તિઓનું આદાન-પ્રદાન વધુ મજબુત થશે. કૃષિ યુનિવર્સિટીઓમાં શિક્ષણ કાર્ય વધુ સુદ્રઢ બને તે માટે જરૂરી ભરતી પ્રક્રિયાને વેગ આપવા મંત્રીએ સંબંધિતોને સૂચના આપી હતી.

ગુજરાત રાજયમાં કૃષિ યુનિવર્સિટીઓ દ્વારા કૃષિ શિક્ષણ તથા ખેડૂતો માટે વિસ્તરણ પ્રવૃત્તિઓની સાથે વિવિધ પાકોમાં સંશોધન કાર્યવાહી હાથ કરવામાં આવે છે જેને બિરદાવવાની સાથે હજુ પણ વધુ ઉત્કૃષ્ટ સંશોધન કરી ખેડૂતોને સીધો ફાયદો થાય તે મુજબ આગામી વર્ષોમાં સંશોધન કાર્યો હાથ ધરવા કૃષિમંત્રીએ વધુમાં જણાવ્યું હતુ.

કૃષિ વિભાગના અધિક મુખ્ય સચિવ મુકેશ પુરીએ કૃષિ યુનિવર્સિટીઓની આગવી ઓળખ પ્રસ્થાપિત થાય જેનો સીધો લાભ ખેડૂતો-વિદ્યાર્થીઓને મળે તે માટે પ્રયત્નશીલ રહેવા સૂચનો કર્યા હતા.

આ બેઠકમાં ખેતી નિયામક, બાગાયત નિયામક, પશુપાલન નિયામક, આણંદ, નવસારી, જુનાગઢ તથા સરદાર કૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીઓના કુલપતિઓ તેમજ કમિટીના સભ્યો ઉપસ્થિત રહ્યાં હતાં.

## રિલાયન્સ જ્વેલ્સ દ્વારા કચ્છની કલા અને સંસ્કૃતિથી પ્રેરિત "રણકાર" કલેક્શન લોન્ચ કરાયું

અમદાવાદ, તા. ૧૮

ભારતની અગ્રણી જ્વેલરી બ્રાન્ડ્સમાંની એક રિલાયન્સ જ્વેલ્સ ભારતના સમૃદ્ધ અને વૈવિધ્યસભર વારસાને રજૂ કરતી કળા અને સંસ્કૃતિ, પરંપરાઓ તથા માન્યતાઓથી પ્રેરિત તેના ઘણા કલેક્શન્સ માટે જાણીતી છે. ઓડિશાથી પ્રેરિત ઉત્કલાથી લઈને બનારસથી પ્રેરિત કસ્યમ સુધી, રિલાયન્સ જ્વેલ્સ તેની જ્વેલરી ડિઝાઈન દ્વારા ભારતના સમૃદ્ધ અને વૈવિધ્યસભર વારસાને આગળ લઈ જવાનું નિરંતર જારી રાખી રહ્યું છે. રિલાયન્સ જ્વેલ્સે અક્ષય તૃતીયાના શુભ તહેવારની ઉજવણી માટે સુંદર આભૂષણોનું ઉત્કૃષ્ટ કલેકશન "રણકાર" (https://youtu.be/rLIbZm-ey8g) લોન્ચ કર્યું છે. કચ્છના રણ અને તેના વૈવિધ્યસભર વારસાથી પ્રેરિત "રણકાર" કલેક્શનનું આજે અમદાવાદમાં એક અદભૂત ફેશન શો સાથે અનાવરણ કરવામાં આવ્યું હતું.

સુંદર જ્વેલરીની ઉત્કૃષ્ટ શ્રેણીની અક્ષય તૃતીયા નિમિત્તે ભવ્ય ફેશન શો સાથે ખાસ રજૂઆત

"રણકાર"ની પ્રેરણા કચ્છમાંથી મેળવવામાં આવી છે, જ્યાં મોહક સફેદ રણ અને વાઈબ્રન્ટ રંગોની અનોખી ભાત પથરાયેલી છે. ગ્રાહકો કચ્છના વાઈબ્રન્ટ અને સુંદર કળા સ્વરૂપોથી પ્રેરિત વિવિધ પ્રકારની ડિઝાઈન અને કલાત્મક રીતે ઘડવામાં આવેલા આભૂષણોમાંથી પોતાની પસંદગી કરી શકે છે, જેમ કે અજરખ- જૂની બ્લોક પ્રિન્ટિંગ ટેકનિક, રોગન-સમૃદ્ધ કુદરતી રંગોનો ઉપયોગ કરીને તૈયાર કરાતું સુંદર પેઈન્ટિંગ ફોર્મ, લિપ્પન-દિવાલો પર અરીસાઓની આસપાસ તૈયાર કરવામાં આવતી અદભૂત કારીગીરી, વાઈબ્રન્ટ કચ્છી ભરતકામ, બાંધણી અને છેલ્લે કચ્છનું સુંદર લાકડા પરનું નકશીકામ.

## સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા પરશુરામ જયંતિ ધામધૂમથી ઉજવાશે

ગાંધીનગર, તા.૧૮

શ્રી સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગર યુવા પરિવાર દ્વારા આયોજિત ભગવાન શ્રી પરશુરામજીના જન્મોત્સવ નિમિત્તે તા. ૩-૫-૨૦૨૨ને અખાત્રીજના પાવન દિવસે સાંજે ૪.૦૦ કલાકે ભગવાન શ્રી પરશુરામ દાદાની શોભાયાત્રાનું આયોજન કરવામાં આવે છે. સાંજે ૬.૪૫ કલાકે ભગવાન શ્રી પરશુરામદાદાની મહાઆરતી યોજાશે. સાંજે ૭.૦૦ કલાકે શ્રી સચ્ચિદાનંદ બ્રહ્મભવન, સે-૧૬ ખાતે બ્રહ્મભોજનનું આયોજન કરવામાં આવ્યું છે.

આ ઉપરાંત રાત્રે ૮.૩૦ કલાકે શ્રી સચ્ચિદાનંદ બ્રહ્મભવન, સે-૨૬ ગાંધીનગર ખાતે ભૂદેવ ડાયરાનું આયોજન કરવામાં આવેલ છે. આ કાર્યક્રમમાં ભજન સમ્રાટ અને બ્રહ્મ સાહિત્યકાર નારાયણ ઠાકર તથા સાહિત્યકાર દેવરાજ ગઢવી ડાયરાને શોભાવશે. આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા શ્રી સમસ્ત બ્રહ્મસમાજ ગાંધીનગર યુવા પરિવાર દ્વારા જાહેર આમંત્રણ પાઠવવામાં આવે છે તેમ યુવા પ્રમુખ ક્રિષ્ન જાનીએ અખબારી યાદીમાં જણાવ્યું છે.

